647510 **BA0GujCC622A** **Seat No :________**

## B.A. Semester - 6 (*CBCS*) Examination
## Oct/Nov-2020
## GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO (CORE - 22)

**Time: 2:00 Hours** **Marks: 56**

**Instructions:**

1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any four of the following questions.

---

પ્રશ્ન.૧ નીચેના કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યો ને તારેતારને,
વીંધો અમને વહાલા, આરંપાર;
આવો, રે આવો હો જીવણ, આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું,
તમે તાતા તેજના અવતાર;
ભેદીને ભીડેલા ભોગળઆગળા
ભરો લખ્લખ અદીઠા અંબાર;
આવો, રે આવો હો જીવણ, આમના.
અમે રે ઊધઈખાધું ઈંધણું,
તમે ધગધગ ધૂણીના અંગાર;
પડેપડ પ્રજાળો, વહાલા, વેગથી,
આપો અમને અગનના શણગાર;
આવો, રે આવો હો જીવણ, આમના.
- મકરન્દ દવે.

અથવા

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસરવાસ કાલે,
શૃંગાર તે પૂર્ણ ચિતા મહીં કર્યો.!

કૂંળી હજી દેહલતા ન પાંગરી,
કૌમાર આછું ઊઘડયું ન ઊઘડયું,
પહેરી રહે જીવનચૂંદડી જરી,
સરી પડી ત્યાં તુજ અંગથી એ!

સંસારના સાગરને કિનારે
ઊભા રહી અંજલિ એક લીધી,
ખારું મીઠું એ સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહીં!

છે, કાળ આવે, શિશિરોય આવે
ને પુષ્પ ફૂંળાં દવમાં પ્રજાળે;
સુકોમળી દેહકળી સરે અરે
વસંતની ફૂંક મહીં ખરી પડી!

- હરિશ્ચંન્દ્ર ભટ્ટ

પ્રશ્ન.૨ નીચેના કોઇ પણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"ભાવ જાગૃત થાય ને હૃદયમાં જામે-એવી જે રસરૂપ મનઃસ્થિતિ, તે મુળ તો બીજા માણસ અને સાહિત્યકારમાં સમાન હોય છે. પણ સર્જનની ક્ષણમાં અમુક ભાવ કે ભાવોને લગતી સાહિત્યકારની પોતાની પૂર્વ સ્મૃતિઓ અને પૂર્વ સંસ્કારો તેના પ્રતિભા બળે કરીને જે અસાધારણ પ્રમાણમાં સચેત બને છે. તે પ્રમાણેનો તફાવત પ્રધાનપણે ઈતરજનો અને સાહિત્યકાર વચ્ચેનો ભેદક અંશ બને છે. સર્જનક્ષણે સાહિત્યકાર તો જાણે પોતાના કેવળ વ્યક્તિગત સ્વરૂપનું ખોળિયું પાછળ છોડી દઈને જે માત્ર પ્રસંગ કે વર્ણન પોતે આલેખનારા હોય તેવા કલ્પના પ્રદેશીય જીવનમાં સૂક્ષ્મ દેહે પ્રવેશે છે. એ રીતે કૃતિ સર્જાય છે ત્યારે કર્તાની સર્ગશક્તિ ઉપરાંત બીજી શક્તિઓનો પણ તેમાં ઉપયોગ થતો હોય છે; જેમ કે વિવેકશક્તિ અને પ્રતિભા."

- વિજયરાય વૈદ્ય

અથવા

"અહિંસા એ માત્ર આચરણનો સ્થૂળ નિયમ નથી, પણ એ મનની વૃતિ છે. જે વૃતિમાં ક્યાંય પણ દ્રેષની ગંધ સરખી રહે નહિં તે અહિંસા. એવી અહિંસા સત્યની જેટલી જે વ્યાપક છે. એવી અહિંસાની સિધ્ધિ થયા વિના સત્યની સિધ્ધિ થવી અશક્ય છે. માટે સત્ય એ બીજી રીતે જોઈએ તો અહિંસાની પરાકાષ્ટા જ છે. પૂર્ણ સત્ય અને પૂર્ણ અહિંસામાં ભેદ નથી; છતાં સમજ્યાની સગવડ માટે સત્યને સાધ્ય અને અહિંસાને સાધન ગણ્યું છે આ સત્ય અને અહિંસા-સિક્કાની બે બાજુઓની જેમ એક જ સનાતન વસ્તુની બે બાજુઓ જેવી છે. અહિંસામાં તીવ્ર કાર્યસાધક શક્તિ રહેલી છે. એમાં રહેલ અમોઘ શક્તિનું હજુ પુર્ણ સંશોધન થયું નથી 'અહિંસાની નિકટમાં સર્વ ઝેરવેર શમી જાય છે', - એ સુત્ર પોથીમાંનું રીંગણું નથી, પણ ઋષીનું અનુભવ વાક્ય છે. અહિંસા એ સર્વેનું કલ્યાણ કરનારું શ્રેષ્ઠ સાધન છે."

- મોહનદાસ ક. ગાંધી

પ્રશ્ન.3 નીચેનામાંથી કોઇપણ એક નિબંધ લખો. (૧૪)

દેશના અલગતાવાદી આંદોલનો અને રાષ્ટ્રીય એકતા.

અથવા

વિદ્યાર્થી અને સમાજસેવા

પ્રશ્ન.૪ નીચેના 'અ' અને 'બ' પ્રશ્નોનાં ઊતર આપો. (૧૪)

(અ) નીચે આપેલ કોઇ એક અહેવાલ આલેખન કરો.

1. બહુમાળી ઈમારતના સાતમા માળે લાગેલી આગનો અહેવાલ.
2. શહીદોનાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમનો અહેવાલ.

(બ) નીચે આપેલ કોઇ એક પંક્તિનો વિચાર વિસ્તાર કરો.

1. હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યુ છે,
   પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.
2. જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

પ્રશ્ન.૫ નીચેના ચાર(૦૪) પૈકી કોઇપણ બે(૦૨) પ્રશ્નનાં જવાબ આપો. (૧૪)

1. જીવન ઘડતરમાં પ્રવાસનું મહત્વ.
2. તમારી કોલેજના કલાકારોને એમની કલા દૂરદર્શન પર પ્રદર્શિત કરવાની તક મળે તે માટે ઘટતું કરવા દૂરદર્શનના નિયામકને અરજી લખો.
3. કાવ્ય આસ્વાદની સજ્જતા.
4. ગદ્યખંડના વિવરણનું મહત્વ.

**********************************